
## વડીલોને વંદન અભિનંદન



મધુસુદન રમણલાલ ગાંધી
(૧૯૩૩)ફોન: ૨૩૨૨૩૫૬૯



માવસિંહ લક્ષ્મણભાઈ ચૌહાણ
(૧૯૩૧)ફોન: ૨૮૮૧૦૦૩૩



નગીનભાઈ ભુલાભાઈ દેસાઈ
(૧૯૩૫)ફોન: ૨૨૪૧૭૩૮(વલસાડ)



ઉષાબેન અનિલકાંત બુચ
(૧૯૩૨)ફોન: ૨૩૨૨૬૭૦૪

# હિંમતનગર બેઠક પર ૧ અપક્ષે ઉમેદવારી પત્ર ભર્યું
# જિલ્લાની ૬ બેઠકો ઉપર એક પણ ફોર્મ ભરાયું નથી

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાની સાત વિધાનસભા બેઠકો માટે ૨ ૩મીએ જાહેરનામુ પ્રસિદ્ધ થયા બાદ સોમવારે હિંમતનગર વિધાનસભા બેઠક ઉપર એક માત્ર અપક્ષ ઉમેદવારે ઉમેદવારી પત્ર ભર્યું છે. બાકીની ૬ બેઠકો ઉપર એક પણ ઉમેદવારી પત્ર ભરાયું નથી.

જિલ્લાની સાત વિધાનસભાની બેઠકો માટે જાહેરનામું પ્રસિદ્ધ થયા બાદ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. પરંતુ હજુ સુધી ભાજપ-કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગીની જાહેરાત ન થતાં કઈ બેઠક ઉપર કોને ટીકીટ મળશે ? ની અટકળો ચાલી રહી છે. ત્યારે અપક્ષોની બોલબાલા છે. કેટલાક રાજકીય પક્ષો દ્વારા અપક્ષોને મેદાનમાં ઉતારવા માટેનું આયોજન થઈ રહ્યું છે. બાયડ બેઠક ઉપર કોંગ્રેસે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલાનું નામ પ્રથમ યાદીમાં જાહેર કરી દીધું છે. તે સિવાય ખેડબ્રહ્મા બેઠક ઉપર વર્તમાન ધારાસભ્ય અશ્વિન કોટવાલ અને ભીલોડા બેઠક ઉપર અનિલ જોષીયારાની પસંદગી નિશ્ચિત મનાઈ રહી છે.

હિંમતનગર બેઠક ઉપર ગૃહરાજ્યમંત્રી પ્રફુલભાઈ પટેલની પસંદગી પણ નિશ્ચિત છે. તેમની સામે કોંગ્રેસ ક્ષત્રિય ઉમેદવારને મેદાનમાં ઉતારશે. કોંગ્રેસના ઉમેદવાર તરીકે રાજેન્દ્રસિંહ ચાવડા, બળવંતસિંહ દેવડા પ્રબળ દાવેદાર છે. અશોક પટેલ, ડી.એલ. પટેલ પણ દાવો કરી રહ્યા છે. હિંમતનગર બેઠક ઉપર સોમવારે લાલસિંહ પૃથ્વીસિંહ પરમાર (પોલાજપુર)એ અપક્ષ તરીકે ઉમેદવારી પત્ર ભરી ચૂંટણી અધિકારી રીકેશ પટેલને સુપ્રત કર્યું હતું. બે દિવસમાં ભાજપ કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની જાહેરાતની શક્યતાને લઈ ઉમેદવારો અને ટેકેદારોમાં ભારે ઉત્સુકતા દેખાઈ રહી છે.



અમદાવાદમાં આવેલી સાબરમતી નદીમાં તાજીયા પધરાવવામાં આવ્યા હતા.

# બનાસકાંઠા જિલ્લામાં ઠંડીના ચમકારા વચ્ચે ચૂંટણીનો ગરમાવો તેજ બન્યો

ડીસા, તા. ૨૬

બનાસકાંઠા જિલ્લામાં વિધાનસભાની નવ બેઠકો માટે યોજાનાર ચૂંટણી માટે વહીવટીતંત્ર સજ્જ બની ગયું છે. જો કે કાંકરેજ, દિયોદર અને વાવ બેઠક પર કોંગ્રેસે ઉમેદવાર જાહેર કરી દીધા છે જેમાં વાવ બેઠક એનસીપીને ફાળવવામાં આવી છે. આ સિવાય અન્ય બેઠકો પર કોંગ્રેસે અને નવ બેઠકો પર ભાજપે ઉમેદવારો જાહેર ન કરતા નામ જાહેર થવાની છેલ્લી ઘડીએ દાવેદારોના ધબકારા વધી જવા પામ્યા છે.

બનાસકાંઠા જિલ્લાની નવ બેઠકો માટે યોજાનારી ચૂંટણીને લઈ ફુલગુલાબી ઠંડી વચ્ચે રાજકીય ગરમાવો તેજ બની ગયો છે. કોંગ્રેસ દ્વારા દિયોદર, કાંકરેજ બેઠક પર ઉમેદવારો જાહેર કરી દેવાયા છે અને કોંગ્રેસનો ગઢ મનાતી વાવ બેઠક પણ એનસીપીને ફાળવાતા તેના ઉમેદવાર જાહેર થઈ ચુક્યા છે ત્યારે બાકીની છ બેઠકો માટે પક્ષે હજુ સુધી બંધ મુઠી રાખી છે પરંતુ ટિકિટ માટે નિશ્ચિત મનાતા દાવેદારોએ નામની જાહેરાત પહેલા લોક સંપર્ક વધારી દીધા છે. બનાસકાંઠા જિલ્લાના સરહદી વાવમાંથી અલગ અને સ્વતંત્ર બનેલી થરાદ બેઠક પર કોંગ્રેસમાં સાત અને ભાજપના બે અગ્રણીઓએ દાવેદારી નોંધી છે.

જો કે ભાજપ બે દાવેદારોમાંથી પસંદગી સહેલાઈથી કરી શકશે પરંતુ કોંગ્રેસમાં સાત દાવેદારોને લઈ પક્ષના અગ્રણીઓ મનોમંથન કરી રહ્યા છે કેમ કે ગત વર્ષ કોંગ્રેસમાં બળવાખોરોને કારણે જ કોંગ્રેસને કેટલીક બેઠકો ગુમાવવી પડી હતી.

બીજી તરફ ભારતીય જનતા પાર્ટીમાં નવેનવ બેઠકો પર મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ઈશારા પ્રમાણેજ નામો જાહેર થશે તેવુ ચર્ચાસ્પદ રહ્યું છે. આમ છતાં કેટલીક બેઠકો પર ટિકિટ માટે અગ્રણીઓ વચ્ચે જોરદાર ફાઈટ ચાલી રહી છે ત્યારે કોણ આવશે અને કોણ કપાશે ? તે તો યાદી જાહેર થયા બાદ જ નક્કી થશે. ઉમેદવારોનું સસ્પેન્સ અકબંધ રહેતા મતદારોમાં પણ ઉત્સુકતા જોવા મળી રહી છે. ફુલ ગુલાબી ઠંડીના ચમકારા વચ્ચે ચૌરેને ચૌટે કોણ કપાશે અને કોણ આવશે તેમજ કોણ જીતશે અને કોણ હારશે ? ની જ ચર્ચાઓ સાંભળવા મળી રહી છે. બીજી બાજુ અફવાઓનું બજાર પણ ગરમ બન્યું છે કે યાદી બહાર પડતાં જ બળવાનું જોખમ હોવાથી બન્ને પક્ષો ઉમેદવાર જાહેર કરવાની ઉતાવળ કરતા નથી. તો બીજી બાજુ અપક્ષ તરીકે ઝંપલાવવાની ઈચ્છા રાખનાર નેતાઓ પણ પોતાના હથિયાર સજાવી રહ્યા છે.

### કોંગ્રેસની જાહેરાત નકારાત્મક માનસિકતા દર્શાવે છે
# કોંગ્રેસે ખોટી જાહેરાત દર્શાવી રાજ્યનું કરેલું ભારે અપમાન
### જાહેરાતમાં જે મહિલા તથા બાળકની તસવીર બતાવી છે તે ગુજરાતની નથી : ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સીતારામ

અમદાવાદ, તા. ૨૬

ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા નિર્મલા સીતારામને આજે કોંગ્રેસ ઉપર ભારે આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં મહિલાઓ તથા શિશુઓ કૂપોષણના શિકાર બની રહ્યા હોવાની કોંગ્રેસની જાહેરાત માત્ર તેમની નકારાત્મક માનસિકતા અને હતાશાનું પ્રતિબિંબ પાડે છે. કોંગ્રેસ દ્વારા જારી કરાયેલી આ જાહેરાતમાં મહિલા અને શિશુની જે તસવીર દર્શાવવામાં આવી છે તે તસવીર ગુજરાતના કોઈપણ સ્થળ કે ઘટનાની નથી.

તેમણે કોંગ્રેસ પર તીખા ચાબખા મારતા વધુમાં જણાવ્યું હતું કે, ખુદ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓને જ્યારે રહી રહીને પોતાની ભુલ સમજાઈ ત્યારે તદ્દન બેફિકરાઈથી દોષનો ટોપલો એડવર્ટાઈઝ ઈન્ડસ્ટ્રીઝ ઉપર ઢોળી દીધો અને કોઈપણ પ્રકારની લજ્જા કે દિલગીરી વ્યક્ત કર્યા સિવાય એવો લૂલો બચાવ કર્યો કે એડ.એજન્સી દ્વારા આ જાહેરાત માટે કોઈ વેબસાઈટ ઉપરથી આ ફોટો ઉઠાવી લીધો હશે. જાહેરાતની દુનિયામાં આવું ઘણીવાર થતું રહે છે તેમ જણાવી કોંગ્રેસના નેતાઓ આ ગંભીર ભુલથી ભલે હાથ ખંખેરી લેતા હોય પરંતુ એક તરફ ગુજરાત વિકાસના માર્ગે આગળ વધી રહ્યું હોય ત્યારે ગુજરાતને બદનામ કરવાની માનસિકતાને વરેલી કોંગ્રેસ આવી ખોટી અને પ્રજાને ગેરમાર્ગે દોરતી જાહેરાતો કરે તે કોંગ્રેસની નકારાત્મક માનસિકતા તથા ચૂંટણીલક્ષી હતાશા જ દર્શાવે છે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે, ચૂંટણી માથે હોય ત્યારે રાજકીય પક્ષોમાં આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દોર સમજી શકાય પરંતુ જ્યારે મારા તમારા અને આપણા સહુના ગુજરાતને બદનામ કરવા સુધીની ચેષ્ટા થાય તે ખૂબ જ શરમજનક અને દુઃખદ છે. તેમણે કોંગ્રેસને સીધો પડકાર ફેંકતા એમ પણ કહ્યું હતું કે, રાજ્યમાં કૂપોષણના મુદ્દે અમે જાહેરમાં ચર્ચા કરવા તૈયાર છીએ પરંતુ કોંગ્રેસે જે રીત રસમ અપનાવી છે તે તદ્દન અયોગ્ય છે અને ભારતીય જનતા પાર્ટી તેનું ખૂબ જ આકરા શબ્દોમાં ખંડન કરે છે.

# કેડિલા ફાર્માના ચેરમેન ઈન્દ્રવદન મોદીનું નિધન

અમદાવાદ, તા. ૨૬

ગુજરાતની અગ્રણી ફાર્મા કંપની કેડિલા ફાર્માના ચેરમેન ઈન્દ્રવદન મોદીનું ટૂંકી માંદગીને પગલે અવસાન થયું છે. આઈ. એ. મોદી ૮૭ વર્ષના હતા. તેમણે તેમના મિત્ર રમણભાઈ પટેલ સાથે મળીને ૧૯૫૨માં કેડિલા જૂથની સ્થાપના કરી હતી. ૧૯૯૫માં બંને મિત્રો મળી સમજીને છૂટા પડ્યા હતા. ત્યાર બાદ તેમણે કેડિલા ફાર્માસ્યુટિકલ લિમિટેડનું સુકાન ઈન્દ્રવદન મોદી અને તેમના પુત્ર ડો. રાજીવ મોદીએ સંભાળ્યું હતું. કેડિલા જૂથે દવા ઉપરાંત ટીસ્યુ બેઝ ખેતી ક્ષેત્રે પણ પ્રવેશ કર્યો છે. અગાઉ કેડિલા લેબોરેટરી તરીકે ઓળખાતી અમદાવાદ નજીકના ઘોડાસર ખાતે કાર્યરત હતી. ત્યાર બાદ કંપનીનું વિભાજન થતાં મોદી જૂથે ધોળકા પાસે તેમનો પ્લાન્ટ સ્થાપ્યો હતો. અનેક વ્યવસાયી તથા સેવાભાવી સંસ્થાઓમાં છેક સુધી કાર્યરત થયા હતા. ઈન્દ્રવદન મોદીનું શારીરિક કદ નાનું હતું પણ તેમની પ્રતિભા અત્યંત વિરાટ હતી. ગાંધીનગર નજીકની એપોલો હોસ્પિટલમાં પણ કેડિલાએ નોંધપાત્ર પ્રમાણમાં હિસ્સો હસ્તગત કર્યો હતો.

## મોઢવાડિયાએ રાજીનામું આપ્યાની અફવા ફેલાઈ

ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણી માટે કોંગ્રેસના હજુ ૬૦ જેટલાં ઉમેદવારો પસંદ કરવાના બાકી હોવાથી આજે પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા દિલ્હી પહોંચ્યા હતા. અને સ્ક્રીનીંગ કમિટિના ચેરમેનને મળીને જરૂરી ચર્ચા પણ કરી હતી. બીજી બાજુ એવી ભ્રામક વાતો પણ વહેતી થઈ હતી કે, મોઢવાડિયાને બળવાખોરોને અંકુશમાં નહીં લેવાની વાતે હાઈકમાન્ડે ઠપકો આપતા મોઢવાડિયાએ પ્રમુખપદેથી રાજીનામું આપી દીધું. પ્રદેશ કાર્યાલયે કાર્યકરો આગેવાનોએ ફોન કરીને પૃચ્છા કરી હતી. પ્રમુખ અર્જુન મોઢવાડિયા તથા વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલનો સંપર્ક સાધતા તેમણે આ વાતમાં કોઈ જ વજુદ નહીં હોવાનું જણાવ્યું હતું. મોઢવાડિયાએ કહ્યું હતું કે, મેં રાજીનામું આપ્યું છે એવી વાત કોઈએ ફેલાવી છે. હું શા માટે રાજીનામું આપું ? ચૂંટણી છે એટલે બધી અફવાઓ ચાલવાની જ.

# આગામી ચૂંટણીમાં અમદાવાદ જિલ્લામાં ઠાકોર સમાજને થયેલો અન્યાય

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જાહેર થયેલ અમદાવાદ જિલ્લાની પાંચ વિધાનસભાના ઉમેદવારોમાં ઠાકોર સમાજના કોઈ ઉમેદવારનું નામ જાહેર ન થતાં ઠાકોર સમાજમાં ઉગ્ર રોષ વ્યક્ત થયો છે.

ઠાકોર વિકાસ મંડળ-દસ્ક્રોઈના પ્રમુખ માધુભાઈ ઠાકોરે સમાજના પ્રતિનિધિઓની પક્ષે કરેલી અવગણના બાબતે ઉગ્ર રોષ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે અમદાવાદ જિલ્લાની પાંચ વિધાનસભા અનુક્રમે વિરમગામ, સાણંદ, ધંધુકા, ધોળકા અને દસ્ક્રોઈની બેઠકોમાં ઠાકોર સમાજના કાબેલ અને અક્ષમ ઉમેદવારો હોવા છતાં તેમની અવગણના થઈ છે. અમદાવાદ જિલ્લામાં બે લાખ કરતાં વધારે ઠાકોર સમાજના મતદારો છે. અમદાવાદ જિલ્લામાં બહુમતી ધરાવતો ઠાકોર સમાજ ભા.જ.પ. તરફી હોવા છતાં તેમના ઉમેદવારોને યાદીમાં સમાવાયા નથી. જે ઠાકોર સમાજ સહન કરી શકે તેમ નથી. ઠાકોર વિકાસ મંડળ દસ્ક્રોઈના પ્રમુખ માધુભાઈ ઠાકોર, ઉપપ્રમુખ બાબુજી ગાંડાજી, મંત્રી પ્રતાપજી મંગાજી, ખજાનચી જીવાજીએ જણાવ્યું છે કે, વિરમગામ, સાણંદ, ધોળકા, ધંધુકા અને દસ્ક્રોઈ તાલુકામાં સમાજને નજર અંદાજ કરવામાં આવ્યો છે. તો તેના પ્રત્યાઘાતો ઘેરા પડશે અને આવનાર વિધાનસભામાં ઠાકોર સમાજ એક જૂથ થઈ સમાજને થઈ રહેલા અન્યાય સામે કટીબદ્ધ બનશે.

## સર્વે શરૂ કરાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેવામાં આવ્યા છે. હવે શહેરના ઘણા વિસ્તારમાંથી મેટ્રો ટ્રેન પસાર થવાની હોવાથી યુટીલીટી સર્વે શરુ કરી દેવામાં આવ્યો છે.

સરકારની મેગા કંપની તરફથી પાટનગર યોજના વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, ટોરેન્ટ પાવર અને ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન સહિતના તંત્ર પાસેથી પાણી, ગટર, ગેસ અને વિજળીની અન્ડર ગ્રાઉન્ડ લાઈનના નેટવર્કની નકશા સહિતની માહિતી માંગવામાં આવી છે. આ માહિતીને મેટ્રોના રૂટ સાથે સરખાવવામાં આવ્યા પછી જ્યાં પણ તેને ખસેડવાની જરૂર જણાશે ત્યાં જરુરી ફેરફાર કરવા માટે કહેવામાં આવશે. સૂત્રોએ કહ્યું કે, તે પહેલા સમગ્ર રિપોર્ટ સરકાર સમક્ષ મુકવામાં આવશે.

## વાવથી ચૂંટણી લડશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

નરેન્દ્ર મોદી વચ્ચે બેઠક થઈ હતી. આ બન્ને નેતાઓ વચ્ચેની બેઠકનું સાનુકૂળ પરિણામ આવ્યું છે અને તેનાથી ભાજપના નેતાઓમાં પણ ખુશીનો માહોલ છવાયો છે.

આ બેઠક પર હવે ભાજપ પૂર્વ રાજ્યમંત્રી શ્રી દિલીપ ઠાકોરને કોંગ્રેસના શ્રી ભાવસિંહ રાઠોડ સામે જંગમાં ઉતારશે તેવી રાજકીય ચર્ચાઓએ જોર પકડ્યું છે.

શ્રી ચૌધરીએ વાવથી ચૂંટણી જંગમાં ઝંપલાવવાનો નિર્ણય કરી લીધો છે અને તેમણે આ મુદ્દે તેમના સમર્થકોને પણ કામે લાગી જવાનો સંદેશો આપી દીધો છે. ભૌગોલિક દષ્ટિએ આ વિસ્તાર લાંબો છે અને ગ્રામ્ય વિસ્તારના મતદારો મોટી સંખ્યામાં છે. આ મત વિસ્તારમાં પણ ચૌધરી પટેલ મતદારોની સંખ્યા પણ સારી છે. કોંગ્રેસ પક્ષે આ નવી રચાયેલી બેઠક એન.સી.પી.ને સમાધાનમાં ફાળવી હોવાથી અને શ્રી ચૌધરીની ઉમેદવારી કરવાના નિર્ણયથી સમગ્ર વાવ પંથકના રાજકીય વાતાવરણમાં પલ્ટાવ આવી જવા પામ્યો છે.

## શ્રદ્ધાળુના મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પીપવા ગામથી પરિક્રમાના હેતુસર આવેલા ૭૦ વર્ષીય મેરાભાઈ ચેલાભાઈ જાદવ ઉપર હૃદયરોગનો હુમલો થયો હતો જેથી તેમનું મોત થયુ હતુ. આવી જ રીતે આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના કસારી ગામથી આવેલા શ્રદ્ધાળુ રમણભાઈ મંગળભાઈ ઉપર પણ આજે સવારે હૃદયરોગનો હુમલો થયો હતો જેથી તેમનું મોત થયુ હતુ. બેના મોત થતા પરિક્રમા માટે આવેલા શ્રદ્ધાળુઓમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. પરિક્રમા દરમિયાન મોતના કુલ પાંચ બનાવ બની ચુક્યા છે. બંનેના મૃતદેહ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## જોરશોરથી ચર્ચાઓ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગંભીરતાથી આગળ વધી રહેલ હોવાનું પક્ષના સૂત્રોએ જણાવ્યું છે.


આ બેઠક માટે એક તબક્કે વર્તમાન શહેરી વિકાસ મંત્રી શ્રી નીતિન પટેલ, આ પછી ફિલ્મ અભિનેત્રી અને સાંસદ સ્મૃતિ ઈરાની બાદ હવે આઈ.કે. જાડેજા અને વિષ્ણુ પટેલ ઉપરાંત સ્થાનિક આગેવાનો શ્રી મનુભાઈ પટેલ, શ્રી પ્રકાશ પટેલ અને શ્રી અશોક પટેલ તથા શ્રી નીતિન પટેલ (રૂપાલવાળા)ના નામો ચર્ચામાં છે.

શ્રી વિષ્ણુ પટેલના નામને લઈ આજે જુના સચિવાલય સંકુલમાં આવેલ કર્મચારી મંડળની કચેરી ખાતે કર્મચારી આગેવાનો મોડી સાંજ સુધી ચર્ચાઓ કરતા નજરે પડ્યા હતા. ભાજપના પણ સ્થાનિક આગેવાનો પણ, સાંજના સુમારે મંડળની ઓફિસે લટાર મારવા આવ્યા હતા.

ગાંધીનગર ઉત્તરની બેઠક પર બે લાખ મતદારો છે. આ બેઠકમાં ગાંધીનગર શહેર તેમજ તેની આસપાસના ૧૭ ગામોનો સમાવેશ થાય છે. આ બેઠકમાં કર્મચારીઓ મોટી સંખ્યામાં હોવાથી ભાજપ દ્વારા આ નામ ચર્ચામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન ભાજપના અંતરંગ સૂત્રોએ જણાવ્યું છે કે બીજા તબક્કાના ઉમેદવારોની યાદી ૨૮મીએ પ્રસિદ્ધ કરવામાં આવશે.

## શબ્દાવલી - ૪૯૦૭



### આડી ચાવી

૧. ટાપટીપ, છેલાઈ (૪)
૪. વગર મફતનું, ખાલી ખાલી (૩)
૬. નાડી, રગ (૨)
૭. રીસ, મનામણાનું વિરોધી (૪)
૯. હેરાન કરવું (૫)
૧૦. નુકશાન ભરપાઈ કરી આપવું (૪)
૧૩. રસ્તા પર ખેલ કરનાર વ્યક્તિ (૨)
૧૪. આજ્ઞા, મનાઈ (૨)
૧૫. સત્વ, સાર (૨)
૧૬. અંત, ... આવવો (૨)
૧૭. માયા-મમતાનું જાળું (૨)
૧૮. દાવ (૪)

### ઊભી ચાવી

૧. હે મારૂં... છે રૂડું રે વૈકુંઠ નહીં રે આવું (૫)
૨. પ્રવાહી (૨)
૩. ગીરી પર્વત (૪)
૪. જજને આ સંબોધન કરાય (૪)
૫. મોત થવું, તીરથી ઘાયલ થવું (૩)
૮. સરસ (૨)
૯. કાગળ કે કાપડ વધેલ કચરો (૪)
૧૧. અંદાજ (૪)
૧૨. રવાના લોટની એક વાનગી (૩)
૧૩. નવું જન્મેલ (૪)
૧૪. એક પથ્થરની જાત (૩)
૧૬. મોલ, ખેતીમાં થયેલ ધાન (૨)

### શબ્દાવલી ૪૯૦૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) આદમકદ (૪) ચરૂ (૬) ડાર્ક (૭) ગરજ (૮) ગાંસડી (૧૦) ઝામર (૧૩) ઈજાજત (૧૫) ગરજવાન (૧૭) ગમન (૧૮) સિતારા (૨૦) નરક (૨૧) ઈનકાર

**ઊભી ચાવી :-** (૧) આફરીન (૨) મડાગાંઠ (૩) કર્કસ (૪) ચરણરજ (૫) રૂજ (૯) ડીઝાઈન (૧૧) મજા (૧૨) ગરમર (૧૪) તકરાર (૧૫) ગગન (૧૬) જનક (૧૮) સિન (૧૯) તાકા

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

ટચૂકડી જાહેર ખબર
કોઈપણ રોગ માટે જ
ગમે તેવા હઠીલા, અસાધ્ય, જૂના રોગ તેમજ દવાઓથી કંટાળી ગયેલા લોકો માટે આડ-અસર વિના જડ-મૂળથી સંપૂર્ણ ઈલાજ (૧૦૦%)
કોઈપણ રોગની એક જ દવા
મો. : ૯૦૩૩૨૩૨૧૬૩

**જાહેરાત**

કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૮, પ્રથમ માળ, ગાંધીનગરની કચેરી ખાતે ઈલેક્ટ્રીક રીપેરીંગને લગતી કામગીરી માટે વાર્ષિક કરારથી કામગીરી કરવાની હોઈ ભાવપત્રક બંધ કવરમાં વહીવટી અધિકારીશ્રી, નામજોગ રજી. પો.એ.ડી./ સ્પીડ પોસ્ટથી ઉપરોક્ત સરનામે તારીખ : ૧૮/૧૨/૨૦૧૨ સુધીમાં સાંજે ૫-૦૦ વાગ્યા પહેલા મળી જાય તે રીતે મોકલવા. આવેલ ભાવપત્રક રદ કરવા બાબતનો અબાધિત અધિકારી કચેરીનો રહેશો અને તે અંગેના કારણો દર્શાવવામાં આવશે નહિ.

સહી/- કમિશનર
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૭૧૮/૧૨-૧૩

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન